।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।   http://www.janmabhoominewsp apers.com   REGD No. MH/MR SOUTH-61/2009-11 RNI No. 1567/57

જન્મભૂમિ પ્રવાસી

Janmabhoomi Pravasi   Date : 25-7-2010 ● Sunday ● Mumbai

વર્ષ : ૭૧, અંક-૪૩, મુંબઈ, રવિવાર, તા. ૨૫-૭-૨૦૧૦ બહારગામની આવૃત્તિ, તા. ૨૬-૭-૨૦૧૦, પાનાં ૧૦+૮=૧૮ કિંમત : રૂા. ૩.૦૦

ઈન્ડિયન ટાઈટનિક : વીજળી ક્હાજી કાસમની..........૫

સચીનની સ્પષ્ટતા : પુસ્તકમાં મારાં રકતવાળી સહી નથી.........૧૦

સુવાસ

શસ્ત્રનો ઘા શરીર પર લાગે છે ત્યારે જ વીરતાની કસોટી થાય છે.
-ગાંધીજી

મધુવન પૂર્તિ

■ પાકિસ્તાનની સાન ઠેકાણે આવશે ?
■ અમૃત લઈ આવ્યો...... ૧
■ લક્ષ્ય કોમનવેલ્થ
■ શેખર સેનની સંગીતમય પ્રસ્તુતિ : સાહબ.....૮

ગૃહ રાજ્ય પ્રધાનનું રાજીનામું મોદીએ સ્વીકાર્યું

અમીત શાહ નિર્દોષ છે : નરેન્દ્ર મોદી

આનંદ કે. વ્યાસ તરફથી

નવી દિલ્હી, તા. ૨૪ : સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર હત્યાકેસના આરોપી અમીત શાહનું રાજીનામું ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે સ્વીકારીને તમામ લોકોને ચૂપ કરી દીધા હતા.

નરેન્દ્ર મોદીએ ન કેવળ અમીત શાહનો બચાવ કર્યો હતો, પરંતુ તેઓ નિર્દોષ હોવાનો દાવો પણ કર્યો હતો અને સીબીઆઈની સત્તાઓનો ગેરઉપયોગ કરવાનો કૉંગ્રેસ પર આક્ષેપ કરીને વળતો પ્રહાર કર્યો હતો. જોકે ગુજરાતના પ્રધાન અમીત શાહના

રાજીનામાને કૉંગ્રેસે 'બહુ મોડેથી અપાયેલું' ગણાવ્યું હતું અને ભાજપની નેતાગીરી પર પ્રહારો કરતાં કૉંગ્રેસે જણાવ્યું હતું કે ભાજપ અમીત શાહના પગલાંને ટેકો આપતું આવ્યું છે અને તેને વાજબી ગણતું આવ્યું છે અને ક્યારે પણ તેણે માફી માગી નથી કે પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો નથી.

આ રાજીનામું ઘણું મોડું આવ્યું છે. દિવસો અને સપ્તાહો સુધી પ્રતિકાર અને વિલંબ બાદ અપાયેલું આ રાજીનામું માનભેર કે સ્વૈચ્છિક રીતે અપાયું નથી. આ પાપ અંગે કોઈ પસ્તાવો નથી કરવામાં

(અનુસંધાન પાનું - ૬)

મોદી પર નિશાન સાધતું કોઈ પણ પગલું કૉંગ્રેસ માટે 'બૂમરેંગ' સાબિત થશે

અમીત શાહના મુદ્દે ભાજપ આક્રમક મિજાજમાં

નવી દિલ્હી, તા. ૨૪ (પી.ટી.આઈ.) : ગુજરાતના ગૃહપ્રધાન અમિત શાહના રાજીનામા પછી લડાયક મિજાજ સાથે ભાજપે આજે મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને સંપૂર્ણ સમર્થન હોવાનું જણાવી, મોદી પર નિશાન સાધતું કોઈપણ પગલું કોંગ્રેસ માટે 'બૂમરેંગ' સમાન સાબિત થશે તેવું જણાવ્યું હતું. બીજીતરફ કોંગ્રેસે વળતા પ્રહારમાં શાહનું રાજીનામું અપૂરતું અને ઘણું મોડું લેવાયેલું પગલું ગણાવ્યું હતું. કોંગ્રેસની માંગ મુજબ મોદીના પદત્યાગની શકયતા ભાજપ પ્રવકતા રવિશંકર પ્રસાદે નકારી કાઢી હતી. ૨૦૦૫માં સોહરાબુદ્દીન શેખ અને તેની પત્ની કૌશર બીનાં નકલી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા હત્યા અને અપહરણના આરોપ ઘડાયા પછી મોદીના નિકટના સાથી અમિત શાહે આજે રાજીનામું આપ્યું હતું.

અંધારી આલમના ડોન દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાણ ધરાવતા અને જેની પાસેથી સંખ્યાબંધ એકે-૪૭ રાયફલો કબજે કરાઈ હતી તેવા સોહરાબુદ્દીન વિરોધી કેસમાં ગુજરાતના ગૃહ રાજ્યપ્રધાનને ફસાવવાનો પ્રયાસ યુપીએ સરકાર કરી રહી હોવાનો આક્ષેપ પ્રસાદે કર્યો હતો. ભાવવધારો, એંડરસન છૂટકારો અને ભોપાલ ગેસની ઐતિહાસિક દુર્ઘટના જેવા બનાવો પરથી લોકોનું ધ્યાન હટાવવાના ઈરાદા સાથે કોંગ્રેસ આવું કરી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

સંસદના ચોમાસું સત્ર પૂર્વે અમીત શાહના મુદ્દે વિપક્ષોમાં ભાગલા પાડવાની કૉંગ્રેસની આશા ફળીભૂત નહીં થઈ

(જુઓ પાનું - ૧૦)

ટાઈટલર સામેનો '૮૪નાં રમખાણોનો કેસ કાઢી નાખવા દિલ્હી કોર્ટમાં સીબીઆઈની માગણી

નવી દિલ્હી, તા. ૨૪ (પી. ટી. આઈ.) : ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન જગદીશ ટાઈટલર સામેના ૧૯૮૪ના શીખવિરોધી રમખાણ કેસને બંધ કરવાનો નિર્ણય કરતાં પહેલાં સામગ્રીને લગતા તમામ પાસાઓનો અભ્યાસ કર્યો હોવાનો દાવો સીબીઆઈએ આજે દિલ્હીની કોર્ટ સમક્ષ કર્યો હતો.

સીબીઆઈએ આજે દિલ્હીની કોર્ટને જણાવ્યું હતું કે ૧૯૮૪ના શીખવિરોધી રમખાણ કેસમાં ભૂતપૂર્વ કેન્દ્રીયપ્રધાન જગદીશ ટાઈટલર સામે કોઈ પૂરતો પુરાવો મળ્યો નથી.

ટાઈટલર સામેનો કેસ બંધ કરવા સામે રમખાણોનો ભોગ બનેલા પરિવારે કરેલી અરજીને રદ કરવાની માગણી કરતા તપાસકર્તા એજન્સીએ જણાવ્યું હતું કે આ કેસમાં કૉંગ્રેસના આ નેતા સામે કામ ચલાવવા માટે કોઈ પુરાવો નથી.

વધારાના સેશન્સ જજ વી. કે. ખન્નાએ સીબીઆઈની લેખિત રજૂઆત જોયા બાદ રમખાણોનો ભોગ બનેલા પરિવારને તેની પ્રતિક્રિયા રજૂ કરવાનું જણાવ્યું હતું અને વધુ સુનાવણી હાથ ધરવા માટે ૨૧ ઑગસ્ટની તારીખ જાહેર કરી હતી.

રમખાણોમાં પોતાનો પતિ ગુમાવનાર લખવિન્દર કૌરે નવા પુરાવાઓ અંગેના દાવા બાદ આ કેસમાં સીબીઆઈ વધુ તપાસ કરે એવી માગણી કરી હતી અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતાને નિર્દોષ છોડી મૂકવાના સીબીઆઈના નિર્ણયનો વિરોધ કરતી અરજીને ટ્રાયલ કોર્ટે ખોટી રીતે રદ કરી દીધી હતી. વધારાના મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે ટાઈટલર સામેના કેસમાં સીબીઆઈએ બંધ કરવા માટે

(અનુસંધાન પાનું - ૩)

Advt.

જામનગર શહેરમાં સાત કલાકમાં ૭ાા ઈંચ વરસાદ

જામનગર, તા. ૨૪ : જામનગર શહેરમાં મેઘરાજાએ ગઈ મધરાતથી આજે સવાર સુધી મુશળધાર વરસાદ વરસાવ્યો હતો. સાત કલાકમાં સાડાસાત ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં જોડિયા, કાલાવડ, ખંભાળિયા, લાલપુર, કલ્યાણપુરમાં અડધાથી દોઢ ઈંચ વરસાદ પડયો હતો.

જામનગર શહેરમાં ગઈ મધરાતે ૨-૦૦ વાગાના સુમારે જોરદાર વરસાદ શરૂ થયો હતો. જે આજે સવારે ૯-૦૦ વાગા સુધી ચાલુ રહ્યો હતો. સાત કલાકમાં સાડાસાત ઈંચ વરસાદ વરસતા શહેરના પંચેશ્વર ટાવર આસપાસના માર્ગો, જયશ્રી ટોકીઝ માર્ગ, બેડીગેઈટ, લીમડાલેન, ગુરૂદ્વારા, ભોઈવાડો, રામેશ્વરનગર વગેરે વિસ્તારોમાં ગોઠણબૂડ સુધીનાં પાણી ભરાયાં હતાં. જામનગર જિલ્લામાં પણ છૂટોછવાયો હળવો વરસાદ પડયો હતો. જેમાં ભાણવડ સવા ઈંચ, ધ્રોલ અડધો ઈંચ, જોડિયા સવા ઈંચ, કાલાવડ અડધો, ખંભાળિયા દોઢ અને લાલપુરમાં સવા ઈંચ વરસાદનો સમાવેશ થાય છે.

મુંબઈમાં મુસળધાર વરસાદ : તળાવોમાં પણ નોંધપાત્ર આવક

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૨૪ : આજે મુંબઈમાં ધોધમાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં તો અનેક સ્થળોએ ટ્રાફિક જામને કારણે લોકોનો સમય વેડફાયો હતો. વરસાદને કારણે ટ્રેનો થોડી મોડી હોવા છતાં દોડી રહી હતી.

પાલિકાના અહેવાલ અનુસાર શનિવારે પૂર્વ ઉપનગરમાં સૌથી વધુ સરેરાશ ૮૬.૮૨ મી.મી. વરસાદ પડ્યો હતો. ખાસ કરીને દેવનાર ખાતે ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

તળમુંબઈમાં ૫૦.૨૨ મી.મી. જ્યારે પશ્ચિમ ઉપનગરોમાં ૫૫ મી.મી. સરેરાશ વરસાદ રહ્યો હતો. ધારાવીમાં ૮૦.૩ મી.મી. અને પશ્ચિમ ઉપનગરમાં બાંદ્રેમાં ૮૧.૨૮ મી.મી. અને વિલે પાર્લેમાં ૭૯.૨૪ મી.મી. વરસાદ રહ્યો હતો.

આ ઉપરાંત વડાલામાં ૭૧.૯ મી.મી., ચેમ્બુરમાં ૭૪.૯ મી.મી., મુલુન્ડમાં ૯૦.૪ મી.મી., વિક્રોલીમાં ૭૩.૪ મી.મી., ગવાણપાડામાં ૮૩ મી.મી., કુર્લામાં ૯૮ મી.મી., અંધેરીમાં ૬૧.૪૬

(અનુસંધાન પાનું - ૩)

અમીત શાહને 'દેખો ત્યાંથી પકડો'નો સીબીઆઈનો હુકમ

સીબીઆઈની ટીમોએ ઍરપોર્ટ સહિત જુદીજુદી જગ્યાએ હાથ ધરેલું સર્ચ ઓપરેશન

અમારા પ્રતિનિધિ તરફથી

ગાંધીનગર, તા. ૨૪ : સૌહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા તોળાતી ધરપકડથી બચવા માટે ગૃહ રાજ્યમંત્રી અમીત શાહ ભૂગર્ભમાં ઊતરી ગયા છે. સીબીઆઈ દ્વારા શુક્રવારે સૌહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં અમીત શાહ સામે ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ પણ આજે બીજા દિવસે અમીત શાહ સીબીઆઈ સમક્ષ હાજર નહીં થઈને છુપાતા ફરી રહ્યા છે. અમીત શાહ જ્યાં પણ સંતાઈ શકે તેમ હોય તેવી જગ્યાને લોકેટ કરીને સીબીઆઈએ જુદી જુદી ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. રાજ્યના એરપોર્ટ ઉપર પણ સીબીઆઈએ પોતાના અધિકારીઓને ગોઠવી દીધા છે અને અમીત શાહને શોધવાની ગતિવિધિ તેજ બનાવી દીધી છે.

સીબીઆઈ દ્વારા શુક્રવારે સૌહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં ચાર્જશીટ ફાઈલ કરતાં જ ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી નાસતા ફરતા આરોપી બની ગયા છે. જોકે અમીત શાહે આજે સવારે ગૃહ રાજ્યમંત્રી પદેથી પોતાનું રાજીનામું મુખ્ય પ્રધાનના બંગલે મોકલાવી દેતા અમીત શાહ નજીકના સંપર્ક સ્થળે હોવાનું માનવામાં આવે છે. અમીત શાહની ગતિવિધિ ઉપર સતત વોચ રાખી રહેલી સીબીઆઈ તેમની ટીમના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સૂચનાઓ આપે છે. સીબીઆઈએ તેમની ટીમના અધિકારીઓને અમીત શાહ જ્યાં દેખાય ત્યાંથી પકડોના આદેશો આપ્યા છે. સીબીઆઈની ટીમે સ્થાનિક પોલીસ તથા ઈન્ટેલીજન્સ બ્યૂરોની મદદ લઈને અમીત શાહ સાથે સંપર્ક ધરાવતા લોકોની પણ તપાસ હાથ ધરી છે અને અમીત શાહની આસપાસ શિકંજો મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો છે.

દરમિયાન અમીત શાહ આજકાલ ગીર બોર્ડર પરના જંગલ વિસ્તારમાં જઈને છુપાયા

(અનુસંધાન પાનું - ૩)

Advt.

જન્મભૂમિ

યંગબઝની ટીમ આપે છે કારકિર્દી માર્ગદર્શન

દસમા તથા બારમા ધોરણનાં પરિણામો જાહેર થઈ ગયાં બાદ હવે જુનિયર કૉલેજ તેમજ પ્રોફેશનલ કોર્સ માટે ઍડ્મિશનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. સારા માર્ક મળ્યા હોય કે ઓછા માર્ક મળ્યા હોય, વાલી અને વિદ્યાર્થી સામે સવાલ ઊભો રહેતો હોય છે કે કઈ લાઈનમાં જવું? કયા કોર્સમાં ઍડ્મિશન લેવાથી ભવિષ્ય સુનિશ્ચિત છે? મૂંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન આપવા યંગબઝની ટીમ તૈયાર છે. જન્મભૂમિના માધ્યમથી તેઓ નિયમિત રીતે વિવિધ કેરિયર અંગે માર્ગદર્શન આપશે. વધુ વિગતો માટે જુઓ મંગળવારનું **'જન્મભૂમિ'**.

YoungBuzz
India's Premier Career Guidance Company

ભારતીય સમુદ્ર સીમામાં ઘૂસેલી પાકિસ્તાની બોટ કબજે કરાઈ

અમદાવાદ, તા. ૨૪ (પી. ટી. આઈ.) : જામનગરના મીઠાપુર દરિયાકિનારાથી ૩૫ દરિયાઈ માઈલના અંતરે સમુદ્રમાં આઠ ખલાસીઓ સાથે એક પાકિસ્તાની બોટને પકડી પાડવામાં આવી હતી, એમ ભારતીય કોસ્ટ ગાર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું.

દરિયાઈ તોફાનને કારણે સમુદ્રમાં માર્ગ ચૂકી ગયેલી આ પાકિસ્તાની બોટ ભારતીય સમુદ્ર સીમામાં ઘૂસી આવી હતી અને તેને પકડીને ઓખા બંદરે લવાઈ હતી. બોટમાં માછલીઓ જડી હોવાથી તે પાકિસ્તાની માછીમારોની બોટ હોવાનું જણાય છે, વધુ તપાસ ચાલુ છે.

સાલેમ પર જેલમાં ડોસાએ હુમલો કર્યા બાદ કસાબની સુરક્ષા અંગે ચિંતા

વિધાનસભામાં વિપક્ષના નેતાએ સરકાર પાસે માગ્યો આર્થર રોડ જેલની સુરક્ષા વ્યવસ્થા અંગે જવાબ

મુંબઈ, તા. ૨૪ (પી. ટી. આઈ.) : હાઈ સિક્યોરિટી આર્થર રોડ જેલમાં ગૅંગસ્ટર અબુ સાલેમ પર ૧૯૯૩ના મુંબઈ બૉમ્બધડાકા કેસના સહ આરોપી મોહંમદ મુસ્તફા ડોસાએ હુમલો કર્યા બાદ આ જ જેલમાં રખાયેલા ૨૬/૧૧ના હુમલાના પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબની સુરક્ષા અંગે ચિંતાઓ વધી રહી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં પણ વિરોધ પક્ષના નેતા એકનાથ ખડસેએ આ હુમલાનો મુદ્દો ઉપાડ્યો હતો અને સરકાર આ ઘટનાની વિગતો આપે અને કસાબને પણ ત્યાં રખાયો હોવાથી કેદીઓની સલામતીનું ધ્યાન રાખવા માટે લેવાયેલાં પગલાં વિશે ગૃહને જાણ કરે એવી માગણી કરી હતી.

આ માગણીના જવાબમાં નાયબ મુખ્ય પ્રધાન છગન ભુજબળે કહ્યું હતું કે સરકાર આ મામલે વધુ માહિતી મેળવ્યા બાદ વિધાનસભામાં નિવેદન કરશે. ઉચ્ચ કક્ષાની સુરક્ષા ધરાવતી આર્થર રોડ જેલમાં પ્રત્યાર્પણથી લવાયેલા અબુ સાલેમ પર અંધારી આલમના ડોન દાઉદ ઈબ્રાહિમના સાગરીત મુસ્તફા ડોસા દ્વારા તીક્ષ્ણ ચમચાથી હુમલો કરાતાં જેલમાં સર્જાયેલી ગૅંગવોરથી સનસનાટી ફેલાઈ હતી. આર્થર રોડ જેલની બૅરેક નંબર દસમાં અબુ સાલેમને રખાયો હતો તથા બૅરેક નંબર એકમાં મુસ્તફા ડોસાને રખાયો હતો. બૅરેક એકમાં કામ ચાલતું હોવાથી ડોસાને બૅરેક નંબર દસમાં શિફ્ટ કરાયો હતો. સવારે સાડાદસ વાગ્યે કેદીઓને નાસ્તા માટે બહાર કઢાયા ત્યારે સાલેમ પર મુસ્તફા ડોસાએ ધારદાર ચમચા વડે એકાએક હુમલો કર્યો હતો. હુમલાથી સાલેમને ઈજા પહોંચતાં જે. જે. હૉસ્પિટલના ડૉક્ટરો દ્વારા જેલમાં તેની સારવાર કરાઈ હતી. પોલીસની ટુકડી જેલમાં ધસી ગઈ હતી તેમ એન. એમ. જોશી માર્ગ પોલીસ સ્ટેશનના વરિષ્ઠ ઈન્સ્પેકટર વસંત તજાનેએ કહ્યું હતું. ૪૨ વર્ષીય સાલેમ ૧૯૯૩ના મુંબઈ શ્રેણીબદ્ધ બૉમ્બવિસ્ફોટમાં ચાવીરૂપ અપરાધી છે અને તે પોર્ટુગલથી ૨૦૦૫માં પ્રત્યારોપિત કરાયા બાદથી આર્થર રોડ જેલમાં છે. સાલેમ અન્ય અનેક કેદીઓની સાથે બૅરેક નં. ૧૦માં કેદ છે અને તેની સામે હત્યાના બે સહિત કુલ નવ મામલા ચાલી રહ્યા છે. આ અગાઉ પણ આર્થર રોડ જેલમાં કેદીઓ વચ્ચે હિંસાની ઘટનાઓ બની છે, પણ આ પ્રથમ વાર જ બે હાઈ પ્રોફાઈલ કેદીઓ વચ્ચે આવો બનાવ બન્યો છે. દરમિયાન રાજ્ય કક્ષાના ગૃહપ્રધાન રમેશ બાગવેએ આર્થર રોડ જેલની મુલાકાત લઈ ટોચના જેલ પ્રશાસન સાથે ત્યાંની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન સાલેમના વકીલ રાજા ઠાકુરે જણાવ્યું હતું કે સાલેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવશે. મારા અસીલને જે. જે. હૉસ્પિટલમાં સારવારાર્થે ખસેડવાનો આદેશ અમે સેશન્સ કોર્ટ પાસેથી મેળવ્યો છે, એમ ઠાકુરે જણાવ્યું હતું.

Advt.

પત્ર નહીં મિત્ર
કચ્છમિત્ર
વસાવવા જેવો વિશેષાંક...
કિંમત રૂા. ૨૫/-

- ૧૯૬૫ના યુદ્ધમાં કચ્છમાં ફરજ બજાવી ગયેલા કલેક્ટર એસ. જે. કોહેલ્હો પોતાની કલમે આલેખે છે - કચ્છના રણમાં ખેલાયેલા નાપાક યુદ્ધનું બયાન...
- ૨૦૦૧ના ધરતીકંપ પછી ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના વડા બનેલા માહેશ્વર શાહુ કચ્છના નવસર્જન માટે બનેલી સરકારી નીતિઓની પછવાડે રહેલી ઉદાત્ત ભાવનાનું વર્ણન કરે છે...
- ભૂકંપને વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ અપાવવા સૌ મહત્ત્વનો ભાગ ભજવનારા ન્યૂઝ ચેનલોના પ્રતિનિધિઓ દિબાંગ, ધીમંત પુરોહિત અને બ્રિજેશકુમાર સિંહ કહે છે પોતાની નજરે જોયેલી વિભીષિકાનું વૃત્તાંત.

: મુંબઈમાં નકલો મેળવવા માટે સંપર્ક કરો :

દાંગટ ન્યૂઝ પેપર એજન્સી
મોદી સ્ટ્રીટ, મુંબઈ. ફોન : ૨૨૬૯૪૪૯૬

● પપ્પુભાઈ-વાસી ● મોહનભાઈ-કાલબાદેવી ● રમેશભાઈ-મસ્જિદ બંદર ● ભટ્ટભાઈ-લોખંડ બજાર ● સુરેશભાઈ તાંબે-ચકલા ● સુર્વેભાઈ-દાદર ● દાવલ ન્યૂઝ પેપર-મુલુન્ડ ● વેલ્યુ-મુલુન્ડ ● મહેશભાઈ-ઘાટકોપર ● જ્ઞાનેશ્વર-ઘાટકોપર ● રજનીભાઈ-ઘાટકોપર ● આસોલકર-શાંતાક્રુઝ ● રાજુભાઈ-મલાડ ● પહેલવાન-ગોરેગાંવ ● પાઠક-કાંદીવલી ● સાસવડે-બોરીવલી

: વધુ વિગત માટે સંપર્ક :
સર્કયુલેશન મેનેજર,
જન્મભૂમિ કાર્યાલય, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ
વિજયભાઈ ભટ્ટ : મો. ૦૯૦૨૯ ૭૦૬૮૪૩, ૦૯૮૬૯ ૭૩૭૩૪૧

આપનો ઓર્ડર આજે જ નોંધાવો

Advt.

Advt.